MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

**એમસીએક્સ ડેઈલી રિપોર્ટ...**

# એમસીએક્સ પર પ્રથમ સત્રમાં રૂ.૧૫,૧૭૩ કરોડનાં કામકાજ: સોનામાં ઓછા પણ ચાંદીમાં વધુ વેપાર: બંને ધાતુઓના વાયદા વધ્યા

## બિનલોહ ધાતુઓમાં વધુ સુધારો: કૃષિચીજોમાં બટેટા-આગ્રા, ચણા-દિલ્હીમાં ઢીલાશ

મુંબઈ, તા.૨૩

વીતેલા દિને એમસીએક્સ પર ૬,૨૧,૪૪૫ સોદામાં રૂ.૩૯,૫૦૭.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં, જે તેની પૂર્વેના દિને રૂ.૩૫,૩૧૭.૬૧ કરોડનાં થયાં હતાં. સોનામાં રૂ.૧૦,૪૪૭.૭૨ કરોડનાં ૫૭,૦૪૩ કિલો અને ચાંદીમાં રૂ.૬,૭૧૨.૪૨ કરોડની ૨,૩૧૩.૧૫૦ ટન ચાંદીનો ધંધો થયો હતો. ક્રૂડ તેલમાં રૂ.૮,૩૩૧.૬૦ કરોડનાં ૨,૨૫,૫૦,૨૦૦ બેરલ્સનાં કામ થયાં હતાં.

આજે એમસીએક્સ પર સાંજના પાંચ વાગ્યા સુધીના પ્રથમ સત્રમાં ગઈકાલ કરતાં વેપારમાં થોડો ઘટાડો હતો. આજે ૨,૫૪,૨૯૭ સોદામાં રૂ.૧૫,૧૭૩.૦૬ કરોડનાં કામ થયાં હતાં. ગઈકાલે રૂ.૧૫,૬૨૯.૭૪ કરોડનાં થયાં હતાં. આજના કામકાજમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૫,૫૬૨ કરોડનો હતો. ગઈકાલ કરતાં આજે સોનામાં વેપાર ઓછા થયા હતા. આજે ૨૯,૬૧૯ સોદામાં રૂ.૩,૪૭૧.૧૧ કરોડનાં ૧૮,૯૧૫ કિલોનાં વેપાર થયા હતા, જે ગઈકાલે રૂ.૪,૬૧૭.૨૫ કરોડનાં ૨૫,૨૬૩ કિલોના થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૨૭,૪૬૬ કિલોનો હતો. ચાલુ વાયદામાં ૧૨,૮૦૧ સોદામાં રૂ.૩,૧૧૩.૪૪ કરોડનાં ૧૬,૯૬૫ કિલોનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૨૨,૫૩૬ કિલો હતો. મિની વાયદામાં ૧૪,૫૨૬ સોદામાં રૂ.૩૫૩.૧૩ કરોડનાં ૧,૯૨૬ કિલોના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૪,૭૯ કિલો હતો. ગિનીમાં આજે વેપાર ઓછા હતા. આજે ૨,૨૯૨ સોદામાં રૂ.૪.૫૪ કરોડની ૨૫ કિલો ગિનીનો વેપાર થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૧૩૧ કિલો હતો. ગઈકાલની ઢીલાશને સ્થાને આજે સોનાના વાયદામાં  રૂ.૩૩થી રૂ.૬૪ જેટલો સુધારો હતો. ચાલુ વાયદામાં ઓગસ્ટ રૂ.૩૬ વધી રૂ.૧૮,૩૩૨, ઓક્ટોબર રૂ.૪૧ વધી રૂ.૧૮,૪૦૯, ડિસેમ્બર રૂ.૪૩ વધી રૂ.૧૮,૪૯૫ અને ફેબ્રુઆરી-૧૧નો વાયદો રૂ.૬૪ વધી રૂ.૧૮,૫૭૪ બંધ રહ્યો હતો. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૩૩ વધી રૂ.૧૮,૩૧૩, સપ્ટેમ્બર રૂ.૩૩ વધી રૂ.૧૮,૩૭૦ અને ઓક્ટોબર રૂ.૩૯ વધી રૂ.૧૮,૪૧૫ના ભાવ રહ્યા હતા. ગિનીના ત્રણેય વાયદા રૂ.૧૨થી રૂ.૨૧ જેટલા સુધર્યા હતા. ગિનીનો જુલાઈ વાયદો રૂ.૧૨ વધી રૂ.૧૪,૭૯૩, ઓગસ્ટ રૂ.૨૦ વધી રૂ.૧૪,૭૮૨ અને સપ્ટેમ્બર રૂ.૨૧ વધી રૂ.૧૪,૮૧૨ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વેપાર આજે વધ્યા હતા. આજે ૩૪,૩૩૧ સોદામાં રૂ.૨,૦૯૧.૨૩ કરોડની ૭૧૬.૭૫૦ ટન ચાંદીનો વેપાર થયો હતો, જે ગઈકાલે રૂ.૧,૫૪૧.૧૩ કરોડની ૫૩૬.૮૪૦ ટનનો હતો. આજે ઓપન ઈન્ટરેસ્ટ ૬૯૨.૪૭૦ ટનનો હતો. ચાલુ વાયદામાં ૧૩,૮૨૫ સોદામાં રૂ.૧,૭૩૧.૭૧ કરોડની ૫૯૩.૫૨૦ ટન ચાંદીનાં કામકાજ થયાં હતાં અને ઓપન ઈન્ટરેસ્ટ ૫૩૬.૩૭૦ ટનનો હતો. મિની વાયદામાં ૨૦,૫૦૬ સોદામાં રૂ.૩૫૯.૫૨ કરોડની ૧૨૩.૨૩૦ ટન ચાંદીનાં કામ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧૫૬.૧૦૦ ટનનો હતો. ચાંદીના વાયદા પણ આજે તેજીતરફી થઈ ગયા હતા. આજે લાંબી મુદતના બે વાયદાને બાદ કરતાં અન્ય બધા વાયદા રૂ.૮૭થી રૂ.૧૪૫ની રેન્જમાં વધ્યા હતા. ચાલુ વાયદામાં સપ્ટેમ્બર વાયદો રૂ.૧૦૧ વધી રૂ.૨૯,૧૨૩, ડિસેમ્બર રૂ.૯૫ વધી રૂ.૨૯,૨૨૩, માર્ચ-૧૧નો વાયદો રૂ.૧૪૫ વધી રૂ.૨૯,૩૨૫ અને મે-૧૧નો એકમાત્ર વાયદો રૂ.૩૪૭ ઘટી રૂ.૨૮,૯૬૪ બંધ રહ્યો હતો. મિની વાયદામાં ઓગસ્ટ વાયદો રૂ.૯૮ વધી રૂ.૨૯,૧૨૦, નવેમ્બર રૂ.૮૭ વધી રૂ.૨૯,૨૧૫, માર્ચ-૧૧નો વાયદો રૂ.૯૩ વધી રૂ.૨૯,૩૨૩ અને એપ્રિલ-૧૧નો વાયદો રૂ.૧૨૦ વધી રૂ.૨૯,૪૫૮ રહ્યા હતા.

બિનલોહ ધાતુઓમાં પ્રવૃત્તિ વધી હતી. કામકાજ વધવા ઉપરાંત ભાવનો સુધારો વધુ આગળ વધ્યો હતો. તાંબાના બંને વાયદા આજે રૂ.૨.૫૫થી રૂ.૨.૭૫, નિકલના ત્રણેય વાયદા રૂ.૧૨.૫૦થી રૂ.૧૪, એલ્યુમિનિયમના ત્રણેય વાયદા ૩૦થી ૪૦ પૈસા, સીસાના મિની સહિતના બધા વાયદા રૂ.૧.૧૫થી રૂ.૧.૪૫ અને જસતના મિની સહિતના બધા વાયદા ૩૫થી ૫૫ પૈસા જેટલા વધ્યા હતા. તાંબામાં રૂ.૩,૦૯૭.૨૦ કરોડનાં ૯૩,૭૪૫ ટનનાં કામ થયાં હતાં, જે વીતેલા દિન કરતાં ઓછાં હતાં. નિકલમાં રૂ.૧,૩૫૩.૦૩ કરોડનાં ૧૪,૧૦૫.૫૦૦ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૨૯૯.૫૩ કરોડનાં ૩૧,૩૯૦ ટન, સીસામાં રૂ.૬૯૬.૩૭ કરોડનાં ૭૬,૭૩૫ ટન, મિની સીસામાં રૂ.૯૩.૩૨ કરોડનાં ૧૦,૨૯૫ ટન, જસતમાં રૂ.૭૭૫.૫૩ કરોડનાં ૮૫,૯૩૦ ટન અને મિની જસતમાં રૂ.૧૨૫.૭૩ કરોડનાં ૧૩,૯૨૮ ટનનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ તાંબામાં ૪૨,૦૨૨ ટન, નિકલમાં ૩,૯૨૧.૫ ટન, એલ્યુમિનિયમમાં ૧૬,૭૫૫ ટન, સીસામાં ૩૯,૪૭૫ ટન, સીસું-મિનીમાં ૫,૨૮૧ ટન, જસતમાં ૩૬,૦૧૫ ટન અને જસત-મિનીમાં ૬,૨૪૮ ટન હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાના ભાવોમાં રૂ.૭થી રૂ.૪૯, બ્રેન્ટ ક્રૂડમાં રૂ.૧૦થી રૂ.૭૫, નેચરલ ગેસમાં ૧૦થી ૫૦ પૈસા અને ગેસોલીનમાં રૂ.૩.૮૫ની વૃદ્ધિ હતી. ક્રૂડ તેલનો ઓગસ્ટ વાયદો રૂ.૭ વધી રૂ.૩,૭૦૮ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલમાં ૩૫,૯૦૩ સોદામાં રૂ.૨,૭૪૯.૧૩ કરોડનાં ૭૩,૮૭,૮૦૦ બેરલ્સ, બ્રેન્ટ ક્રૂડ તેલમાં રૂ.૨.૬૩ કરોડનાં ૭,૨૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં રૂ.૨૦૪.૪૭ કરોડનાં ૯૩,૮૧,૨૫૦ એમએમબીટીયૂ અને ગેસોલીનમાં ૮,૪૦૦ યુએસ ગેલનના વેપાર થયા હતા.

કૃષિ અને અન્ય ચીજોમાં રિફાઈન્ડ સોયાતેલનો ઓગસ્ટ વાયદો રૂ.૨.૨૫ અને સપ્ટેમ્બર ૮૫ પૈસા નરમ હતા, જ્યારે ઓક્ટોબર વાયદો રૂ.૩.૬૦ વધી રૂ.૪૮૯.૭૫ બંધ રહ્યો હતો. સીપીઓના ત્રણેય વાયદા રૂ.૨.૪૦થી રૂ.૩.૮૦ની રેન્જમાં નરમ હતા. સીપીઓનો જુલાઈ વાયદો રૂ.૨.૪૦ વધી રૂ.૩૮૭.૪૦ બંધ હતો. ચણા-દિલ્હીના બંને વાયદાઓ રૂ.૩૬થી રૂ.૪૦ ઘટ્યા હતા. ઓગસ્ટ વાયદો રૂ.૪૦ ઘટી રૂ.૨,૩૦૨ થયો હતો. એલચીના ચારેય વાયદાઓમાં રૂ.૩૬.૯૦થી રૂ.૫૭.૧૦નો ઘટાડો ભાવમાં રહ્યો હતો. ઓગસ્ટ વાયદો સૌથી વધુ રૂ.૫૭.૧૦ ઘટી બંધમાં રૂ.૧,૭૧૬.૬૦ના ભાવ રહ્યા હતા. બટેટા-આગ્રાના ત્રણેય વાયદા રૂ.૧૧.૯૦થી રૂ.૧૨.૪૦ ઢીલા હતા. બટેટા-આગ્રાનો ઓગસ્ટ વાયદો રૂ.૧૨ ઘટી રૂ.૪૦૫ બંધ હતો, જ્યારે મેન્થા તેલના ત્રણેય વાયદાઓમાં રૂ.૨.૪૦થી રૂ.૨.૮૦નો સુધારો હતો. ગુવારસીડનો ઓગસ્ટ વાયદો રૂ.૫૧ ઘટી રૂ.૨,૩૯૬ થયો હતો, જ્યરે સપ્ટેમ્બર રૂ.૪૪ વધી રૂ.૨,૪૨૬ રહ્યો હતો. મકાઈનો ઓગસ્ટ વાયદો રૂ.૧૭ અને સપ્ટેમ્બર રૂ.૩૧.૫૦ વધ્યા હતા, જ્યારે ઓક્ટોબર વાયદો રૂ.૭ ઘટી બંધમાં રૂ.૧,૦૩૯.૫૦ રહ્યો હતો. બદામનો સપ્ટેમ્બર વાયદો રૂ.૪.૨૫ વધી રૂ.૩૩૦ અને ઘઉંનો ઓગસ્ટ વાયદો રૂ.૧૦.૧૦ વધી રૂ.૧,૨૫૮ના ભાવ બંધમાં રહ્યા હતા. જવનો ઓગસ્ટ વાયદો ૨૦ પૈસા અને ઓક્ટોબર ૬૦ પૈસા નરમ હતા, જ્યારે અન્ય વાયદાઓમાં રૂ.૧થી રૂ.૨૪.૬૦નો સુધારો હતો. રિફાઈન્ડ સોયાતેલમાં રૂ.૨૦.૨૩ કરોડનાં ૪,૧૮૦ ટન, સીપીઓમાં રૂ.૨૮.૨૪ કરોડનાં ૭,૩૧૦ ટન, ચણા-દિલ્હીમાં રૂ.૨.૬૬ કરોડનાં ૧,૧૪૦ ટન, એલચીમાં રૂ.૩૫.૨૭ કરોડનાં ૨૨૦ ટન, બટેટા-આગ્રામાં રૂ.૩૭.૬૩ કરોડનાં ૯૧,૨૯૦ ટન, મેન્થા તેલમાં રૂ.૫૮.૬૬ કરોડનાં ૮૩૧ ટન, ગુવારસીડમાં રૂ.૫૬ લાખનાં ૨૩૦ ટન, મકાઈમાં રૂ.૧૨.૬૮ કરોડનાં ૧૧,૨૫૦ ટન, બદામમાં ૧ ટન, ઘઉંમાં ૨૦ ટન અને જવમાં રૂ.૧૭.૭૨ કરોડનાં ૧૫,૧૮૦ ટનનાં કામકાજ થયાં હતાં.

કોમડેક્સ આજે ૫.૧૩ પોઈન્ટ સુધરી ૨૭૫૦.૬૨ રહ્યો હતો. અંતર્ગત આંકોમાં મેટલ ઈન્ડેક્સ ૧૬.૨૫ પોઈન્ટ વધી ૩૩૩૧.૫૬, એનર્જી ઈન્ડેક્સ ૫.૨૦ પોઈન્ટ વધી ૨૬૮૮.૪૮ અને એગ્રી ઈન્ડેક્સ ૧૬.૨૫ પોઈન્ટ ઘટી ૨૨૬૩.૧૨ રહ્યો હતો.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.

MCX

મેટલ અને એનર્જી

વિશ્વાસ સાથે વેપાર

## એમસીએક્સના વાયદાના ભાવ

| કોમોડિટી | પાકતી તારીખ | ખૂલી | વધી | ઘટી | બંધ | વધઘટ |
|---|---|---|---|---|---|---|
| ગોલ્ડ-ગિની | ૩૧-૦૭-૧૦ | ૧૪૭૮૪.૦૦ | ૧૪૮૧૭.૦૦ | ૧૪૭૮૪.૦૦ | ૧૪૭૯૩.૦૦ | ૧૨.૦૦ |
| સોનું-મિની | ૦૫-૦૮-૧૦ | ૧૮૨૮૦.૦૦ | ૧૮૩૫૬.૦૦ | ૧૮૨૮૦.૦૦ | ૧૮૩૧૩.૦૦ | ૩૩.૦૦ |
| સોનુ | ૦૫-૦૮-૧૦ | ૧૮૩૨૦.૦૦ | ૧૮૩૭૫.૦૦ | ૧૮૩૧૩.૦૦ | ૧૮૩૩૨.૦૦ | ૩૬.૦૦ |
| ચાંદી-મિની | ૩૧-૦૮-૧૦ | ૨૯૦૮૫.૦૦ | ૨૯૨૫૦.૦૦ | ૨૯૦૮૫.૦૦ | ૨૯૧૨૦.૦૦ | ૯૮.૦૦ |
| ચાંદી | ૦૪-૦૯-૧૦ | ૨૯૦૬૦.૦૦ | ૨૯૨૫૪.૦૦ | ૨૯૦૬૦.૦૦ | ૨૯૧૨૩.૦૦ | ૧૦૧.૦૦ |
| તાંબુ | ૩૧-૦૮-૧૦ | ૩૨૮.૦૦ | ૩૩૨.૯૦ | ૩૨૭.૫૦ | ૩૩૦.૦૫ | ૨.૭૫ |
| નિકલ | ૩૦-૦૭-૧૦ | ૯૪૬.૨૦ | ૯૬૫.૫૦ | ૯૪૬.૨૦ | ૯૬૦.૩૦ | ૧૪.૦૦ |
| એલ્યુમિનિયમ | ૩૦-૦૭-૧૦ | ૯૪.૭૫ | ૯૬.૧૦ | ૯૪.૫૫ | ૯૫.૧૦ | ૦.૩૫ |
| સીસું | ૩૦-૦૭-૧૦ | ૮૯.૫૦ | ૯૧.૫૦ | ૮૯.૨૫ | ૯૦.૯૦ | ૧.૨૫ |
| સીસુ-મિની | ૩૦-૦૭-૧૦ | ૮૯.૨૫ | ૯૧.૫૦ | ૮૮.૭૫ | ૯૦.૯૦ | ૧.૩૦ |
| જસત-મિની | ૩૦-૦૭-૧૦ | ૮૯.૭૫ | ૯૧.૦૫ | ૮૯.૨૦ | ૯૦.૦૦ | ૦.૩૫ |
| જસત | ૩૦-૦૭-૧૦ | ૮૯.૫૦ | ૯૧.૦૫ | ૮૯.૨૦ | ૯૦.૦૫ | ૦.૪૫ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૮-૧૦ | ૩૭૧૦.૦૦ | ૩૭૩૮.૦૦ | ૩૭૦૩.૦૦ | ૩૭૦૮.૦૦ | ૭.૦૦ |
| બ્રેન્ટ ક્રૂડ તેલ | ૧૦-૦૮-૧૦ | ૩૬૫૫.૦૦ | ૩૬૬૫.૦૦ | ૩૬૩૩.૦૦ | ૩૬૩૯.૦૦ | ૧૦.૦૦ |
| નેચરલ ગેસ | ૨૭-૦૭-૧૦ | ૨૧૭.૫૦ | ૨૧૮.૫૦ | ૨૧૬.૮૦ | ૨૧૭.૨૦ | ૦.૧૦ |
| ગેસોલીન | ૨૩-૦૭-૧૦ | ૯૯.૮૦ | ૯૯.૮૦ | ૯૯.૮૦ | ૯૯.૮૦ | ૩.૮૫ |
| રિફા. સોયા તેલ | ૧૪-૦૮-૧૦ | ૪૮૩.૩૦ | ૪૮૮.૩૦ | ૪૮૦.૪૫ | ૪૮૧.૫૫ | -૨.૨૫ |
| સીપીઓ | ૩૧-૦૭-૧૦ | ૩૮૮.૧૦ | ૩૯૨.૦૦ | ૩૮૬.૭૦ | ૩૮૭.૪૦ | -૨.૪૦ |
| ચણા-દિલ્હી | ૨૦-૦૮-૧૦ | ૨૩૪૦.૦૦ | ૨૩૪૧.૦૦ | ૨૩૦૦.૦૦ | ૨૩૦૨.૦૦ | -૪૦.૦૦ |
| એલચી | ૧૪-૦૮-૧૦ | ૧૭૮૦.૦૦ | ૧૭૯૪.૦૦ | ૧૭૧૪.૧૦ | ૧૭૧૬.૬૦ | -૫૭.૧૦ |
| બટેટા-આગ્રા | ૧૪-૦૮-૧૦ | ૪૧૮.૦૦ | ૪૧૮.૩૦ | ૪૦૪.૫૦ | ૪૦૫.૦૦ | -૧૨.૦૦ |
| મેન્થા તેલ | ૩૧-૦૭-૧૦ | ૬૯૧.૫૦ | ૬૯૨.૬૦ | ૬૮૭.૫૦ | ૬૯૦.૯૦ | ૨.૬૦ |
| ગુવારસીડ | ૨૦-૦૮-૧૦ | ૨૪૬૮.૦૦ | ૨૪૬૮.૦૦ | ૨૩૭૪.૦૦ | ૨૩૯૬.૦૦ | -૫૧.૦૦ |
| મકાઈ | ૨૦-૦૮-૧૦ | ૧૧૩૦.૦૦ | ૧૧૩૭.૦૦ | ૧૧૧૩.૫૦ | ૧૧૩૨.૦૦ | ૧૭.૦૦ |
| બદામ | ૩૦-૦૯-૧૦ | ૩૩૦.૦૦ | ૩૩૦.૦૦ | ૩૩૦.૦૦ | ૩૩૦.૦૦ | ૪.૨૫ |
| ઘઉં | ૨૦-૦૮-૧૦ | ૧૨૫૮.૦૦ | ૧૨૫૮.૦૦ | ૧૨૫૮.૦૦ | ૧૨૫૮.૦૦ | ૧૦.૧૦ |
| જવ | ૨૦-૦૮-૧૦ | ૧૧૪૫.૦૦ | ૧૧૪૫.૦૦ | ૧૧૩૭.૦૦ | ૧૧૩૯.૮૦ | -૦.૨૦ |

દાવાત્યાગ : આ રિપોર્ટ/ભાવકોપી ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.